મુજબ મેઘપર ખાતે મંજૂર થયેલા

શરૂ થતું નવલું વરસ એવમ્, ઝગમગતા દીવડાનો તહેવાર દીપાવલીના

કચ્છ મિત્ર, ભુજ આવૃત્તિ, તા. ૦૭-નવેમ્બર-૨૦૧૮, પેજ ૧૫

# સમગ્ર હિન્દુ તથા સમગ્ર પાટીદાર સમાજ જોગ ખુલાસો

અમદાવાદ નજીક દશક્રોઇ તાલુકાના પીરાણા ગામે સતપંથ ધર્મનું મૂળ સ્થાન છે. જેના સ્થાપક મુસલમાન સૈયદ ઇમામશાહ બાવા (કબીરુદ્દીન સૈયદનો પુત્ર) અને નિષ્કલંકીને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો ખૂબ જ નાનો સમુદાય હજુ પૂજે છે. જેના કારણે અન્ય જ્ઞાતિઓ કચ્છ કડવા પાટીદારોને શંકાની નજરે જુએ છે, જેથી સનાતન હિંદુ ધર્મ પાળતા મોટા સમુદાયનું ગૌરવ અને લાગણી દુભાય છે.

આ અંગે કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા નિમાયેલ પંચે ત્રણ વર્ષ બન્ને પક્ષોને સાંભળ્યા, બધા આધાર-પુરાવાઓના તલસ્પર્શી અભ્યાસ બાદ તા. ૦૮-૧૦-૧૭ના ચુકાદામાં ઇમામશાહ (ઇસ્લામ ધર્મ) મુસ્લિમ સાથે જોડાયેલ છે. નિષ્કલંકી નારાયણ હિંદુ ધર્મ માન્યતા વિરુદ્ધ છે, માટે સતપંથને છોડી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના હિંદુ ધર્મ પાળતા મોટા સમુદાયમાં ભળી જવું, એવો નિર્ણય આપેલ છે.

દશક્રોઇ તાલુકા પીરાણા ધી ઇમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટના ચેરમેન નાનજી કાકાએ ઉમિયા માતાજી-ઊંઝાનો ચુકાદો વખોડતાં જાહેર જનતા જોગ ખુલાસામાં તા. ૨૧-૯-૨૦૧૮ના વિવિધ સમાચારપત્રોમાં જણાવ્યું કે લવાદનો નિર્ણય સતપંથના અનુયાયીઓને સ્વીકાર્ય નથી અને પોતાની સંસ્થા મુસ્લિમ પરંપરાની નથી.

જેથી, તે ઇમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટના ત્રણ મુસ્લિમ સૈયદ ટ્રસ્ટીઓએ દિવ્ય ભાસ્કર સમાચારપત્રમાં તા. ૨૮-૦૯-૨૦૧૮ના નાનજી કાકાનો ખુલાસો તદ્દન ખોટો, ગેરમાર્ગે દોરનારો જણાવેલ છે. તે ઇમામશાહ બાવા ટ્રસ્ટમાં મુસ્લિમ રીત-રિવાજોની પરંપરાના હઝરત સૈયદ ઇમામશાહ દરગાહ શરીફની નિયમિત જાળવણી, રાત-દિન ચાલુ ચિરાગ, સંદલ, નિયાઝ, ફાતેહા, ઉર્સ જેવી ધાર્મિક ક્રિયાઓ, ઇમામશાહના વંશજ સૈયદોને હક્કો આપવા જેવા ઉદ્દેશ્યો ચેરિટી કમિશનરના PTRમાં નોંધાયેલ છે, તેવું પણ જાહેર કરેલ.

આમ, વિશ્વભરના કડવા પાટીદારોની માતૃ સંસ્થાનો કચ્છના સતપંથીઓએ અનાદર કરેલ છે, જેથી સતપંથ પાળતાં કુટુંબોથી અમો ધાર્મિક અને સામાજિક સંબંધો જાળવવા અસમર્થ છીએ. તેઓ જ્યારે ચુકાદાના તમામ મુદ્દાઓ અનુસાર ઇમામશાહ, સતપંથ અને નિષ્કલંકી નારાયણ વિગેરેને કાયમ માટે છોડીને આવશે ત્યારે અમો આવકારશું. આમ, સતપંથ ધર્મને કાયમ માટે છોડી દેનાર લોકોને હિંદુ સનાતન સમાજમાં સ્વીકારવાની પ્રક્રિયા વર્ષોથી ચાલુ જ છે.

### હિન્દુ સનાતન ધર્મની સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની મુખ્ય સંસ્થાઓ

- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
- શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ
- શ્રી ઉમિયા માતાજી ઇશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘ

Divya Bhaskar, Ahmedabad Edition
Date 28-Sep-2018, Page 13

## ૨૦/૯/૨૦૧૮ ના ધી ઇમામશાહ બાવા રોજા સંસ્થા કમિટીના ડીરેક્ટો નાનજીકાકા ગુરૂકરશન કાકા દ્વારા આપવામાં આવેલ જાહેરાતનો ખુલાસો

તા.૨૦/૯/૨૦૧૮ ના રોજ ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થા કમિટીના ડીરેક્ટો નાનજીકાકા ગુરૂકરશન કાકા દ્વારા જે ખુલાસો જાહેર કરેલ છે તે તદ્દન ખોટો અને ગેરમાર્ગે દોરનારો છે. આવી જાહેરાત આપતા અગાઉ સંસ્થાના ટ્રસ્ટીઓ સાથે ચર્ચા વિચારણા કે વિશ્વાસમાં લીધા વગર ખોટી હકીકતો જાહેર કરેલ છે. ખરેખર ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થા નાયબ ચેરીટી કમિશનર ની કચેરીમાં ઈ-૭૩૮ થી નોંધાયેલ છે સદર સંસ્થાના સરકારી અને સર્ટિફાઈડ રેકોર્ડ મુજબ સંસ્થાના ઉદ્દેશો નીચે મુજબ છે.

૧. હઝરત પીર ઈમામશાહ બાવાની દરગાહ શરીફ પર નિયમિત રીતે રાત-દિવસ ચાલુ ચિરાગ, સંદલ, ઉર્ષ, નિયાઝ, ફાતેહા વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવા.
૨. દરગાહની જાળવણી કરવા.
૩. હઝરત પીર ઈમામશાહ બાવાના વંશજ સૈયદોને સ્કીમ સાથેના એપેડીક્ષ પ્રમાણેના હક્કો આપવા વગેરે એવા અન્ય ઉદેશો પણ છે.

તેઓના જાહેર જનતા જોગ ખુલાસાના પહેલા ફકરામાં જણાવ્યા પ્રમાણે સંસ્થા મુસ્લિમ પરંપરાની નથી તે હકીકત તદન ખોટી અને જનતાને ગેરમાર્ગે દોરનારી છે. ખરેખર સદરહુ સંસ્થાના PTR ના ઉદેશોને જોતા પણ સાબિત થાય છે કે સદર સંસ્થા એ મુસ્લિમ રીત-રિવાજો અને પરંપરાના સાથે સંબંધ ધરાવે છે.

તેઓના જાહેર ખુલાસાના ત્રીજા ફકરામાં જણાવ્યા મુજબ આ સંસ્થાનો વહીવટ ૬૦૦ વર્ષથી કચ્છ કડવા પાટીદારો ચલાવી રહ્યા છે એ હકીકત પણ તદન ખોટી છે. ખરેખર ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થાના વહીવટ માટે નામ. કોર્ટ દ્વારા દી.મુ. નં. ૧૬૮/૧૯૩૧ ના કામે સ્કીમ બનાવેલ છે અને તે મુજબ ૩ સૈયદ ટ્રસ્ટી અને ૭ સતપંથી ટ્રસ્ટી દ્વારા કમિટી બનાવી ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થાનો વહીવટ કરવામાં આવે છે. આમ ઉપરોક્ત જણાવ્યા મુજબની ખરી સાચી હકીકતો રેકર્ડ ઉપર હોવા છતાં આવી જાહેર જનતા જોગ ખુલાસા ખોટી રીતે આપવા પાછળ તેઓનો શુદ્ધબુદ્ધીપૂર્વકનો ઈરાદો જણાતો નથી તેથી જાહેર જનતાને આ ખરી સાચી માહિતી મળી રહે તેવા શુભ આશયથી આ જવાબ અને ખુલાસો અમોએ જાહેર કરેલ છે.

**ધી ઇમામશાહબાવા રોજા સંસ્થા ટ્રસ્ટી, પીરાણા, તા. દસક્રોઇ, જી. અમદાવાદ**
**સૈયદ ઝૈનુલ આબેદીન રીયાઝહુસૈન (પીરાણા વિભાગ ટ્રસ્ટી)**
**સૈયદ નદીમએહમદ સફીમિયા (પેટલાદ), સૈયદ આસિફ રફીમોહેમદ (કાનમ)**

Kutch Mitra, Bhuj Edition

Date 23-Sep-2018, Page 5

# જાહેર જનતા જોગ ખુલાસો

અમદાવાદ જિલ્લાના દશક્રોઈ તાલુકાના પીરાણા ગામે ધી ઈમામશાહ બાવા સંસ્થા આવેલી છે. આ સંસ્થા સતપંથ વૈદિક પરંપરામાં માને છે. અઢારે વર્ણમાં તેના અનુયાયીઓ છે. અને સર્વધર્મના લોકો પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે માથુ ટેકવે છે અને અહી સંસ્થાનું નામ જોતા લોકો એવું સમજે છે કે આ સંસ્થા મુસ્લિમ પરંપરાની હશે, પરંતુ આવું નથી.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના કેટલાક પરિબળોએ ધી ઈમામશાહ બાવા સંસ્થા સાથે જોડાયેલા કચ્છ કડવા પાટીદાર સતપંથ સમુદાયને કલંકિત કરવા માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાની સમાધાન કમિટી દ્વારા જે નિર્ણય તા. ૦૮-૧૦-૨૦૧૭ ના રોજ લેવાયો છે તેને અમારી સંસ્થા સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.

સર્વધર્મ સમભાવ માં માનનારી આ સંસ્થાના દર્શનાર્થે લાખો શ્રધ્ધાળુ આવે છે. આ સંસ્થામાં કોઈ નાતજાતના ભેદભાવ રાખતી નથી. અમારી આ સંસ્થાનો વહીવટ આશરે ૬૦૦ વર્ષ પૂર્વેથી કચ્છના કડવા પાટીદારો આજે પણ ચલાવી રહ્યા છે. જે સંપૂર્ણ રીતે સમગ્ર માનવજાતના કલ્યાણ અર્થે કાર્ય કરી રહ્યા છે. જેવાકે ગુરૂકુળ, ગૌ-શાળા, હોસ્પિટલ, અન્નક્ષેત્ર, બાળ સંસ્કાર શિબિરો વગેરે. કોઈ ધર્મના વાડાઓ અહિંયા નથી માટે ઊંઝાનો આ લવાદ નિર્ણયને અનુયાયીઓ સ્વીકારતા નથી જે જાહેર જનતા જોગ જાહેરાત કરવામાં આવે છે.

॥ सनातन सतपंथ ॥

તા. ૨૦-૯-૨૦૧૮

ધર્માચાર્ય નાનજીકાકા ગુરુ કરશનકાકા

**ધી ઈમામશાહ બાબા સંસ્થા કમિટી,**
**પીરાણા, તા. દશક્રોઈ, જી. અમદાવાદ**